આકાશવાણી, અમદાવાદ

14-03-2026 Midday: 2.30 to 2.35 pm

SATURDAY Regional News

## BUDGET KRUSHI

રાજ્યના કૃષિ તેમજ પશુપાલન વિભાગ માટે ફાળવેલા બજેટ ની માહિતી આપવા યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં

કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ ના અધિક મુખ્ય સચિવ આ સી મીણાએ આપી હતી માહિતી હતી કે નવી ટેક્નોલોજીના માધ્યમથી પાક વૃદ્ધિ કરવા ખાસ બજેટ માં જોગવાઈ કરી છે. પાક ખેતી માટે વિશેષ જોગવાઇ કરવામાં આવી છે.તેમજ પ્રાકૃતિક ખેતી માટે વિશેષ જોગવાઈ બજેટમાં કરી છે. તેમ કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું હતું .

આ ઉપરાંત કૃષિ વિભાગ ની નવી બાબતો માટે ૧,૯૩૪ કરોડ ની જોગવાઈ કરવામાં આવી છે..પશુપાલન વિભાગ માટે ૨,૧૩૦ કરોડની ખાસ જોગવાઈ કરવામાં આવી છે. દરેક જિલ્લાઓ માં પ્રાકૃતિક ખેતી માટે સેન્ટર ઓફ એક્સેલન્સ ઊભા કરવા ૨૦ કરોડ ની જોગવાઈ કરી છે તેમ માહિતી આપવામાં આવી હતી. પશુપાલન વિભાગની જોગવાઈ અંગે પણ વિગતો આપવામાં આવી છે.

## BUDGET SHARM ANE ROJAGAR VIBHAG KUNVARJI BAVALIA

રાજ્ય સરકાર દ્વારા રજૂ થયેલા બજેટની જોગવાઇ કરવામાં આવી છે.. વિભાગવાર આ અંદાજપત્રની જોગવાઈઓની માહિતી આપવા માટે ગાંધીનગર ખાતે એક પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. વિકસિત ગુજરાત @ ૨૦૪૭ના વિઝન સાથે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનું વર્ષ ૨૦૨૬-૨૭નું ૨ હજાર ૯૦૨ કરોડ રૂપિયાનું ઐતિહાસિક અંદાજપત્ર હોવાનું મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યુ હતું..

આ બજેટમાં નવી યોજનાઓ અને જોગવાઈઓની વિગતો આપતાં જણાવાયું હતું કે, નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન: યુવાનોની રોજગાર ક્ષમતા વધારવા માટે રૂ. ૨૨૬ કરોડ રૂપિયા જોગવાઈ, પી.એમ.સેતુ યોજના રૂપિયા ૨૦૦ કરોડ રૂપિયા ખર્ચે ITIને હબ-એન્ડ-સ્પોક મોડલમાં અપગ્રેડ કરવામાં આવશે. નમો કૌશલ્ય લક્ષ્મી યોજના હેઠળ ITI માં અભ્યાસ કરતી વિધાર્થિનીઓને પ્રોત્સાહન આપવા રૂપિયા ૪૦ કરોડની ફાળવણી. ૧ વર્ષના કોર્સ માટે રૂપિયા ૧૫,૦૦૦ અને ૨ વર્ષના

કોર્સ માટે રૂપિયા ૨૪,૦૦૦ની સહાય અપાશે.  આ ઉપરાંત શ્રમિક કલ્યાણ યોજના સહિતની વિવિધ જોગવાઈઓની પણ માહિતી આપવામાં આવી હતીય

## PARVIN MALI BANASKANTAH DAM

રાજ્ય સરકાર દ્વારા દાંતીવાડા અને સીપુ  જળાશય  ને જોડવા માટે 119 કરોડ રૂપિયા મંજુર કરવામાં આવ્યા છે રાજ્ય સરકારના મંત્રી પ્રવિણ માળીએ આ આપી હતી અને સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો..તેમણે કહ્યું હતું કે આ યોજના અંતર્ગત ઉત્તમ કામગીરી થઈ રહી છે. જેને કારણે વિસ્તારનો ફાયદો થશે.

## Arvalli- radhan gas

અરવલ્લી જિલ્લામાં રાંધણ ગેસની બોટલોનું, નિયમ મુજબ વિતરણ કરવામાં આવી રહ્યું છે.

સમાચારોમાં ચાલતા અહેવાલોને પગલે અરવલ્લી જિલ્લાની અલગ અલગ ગેસ એજન્સી ખાતે ગ્રાહકો, ગેસની બોટલ લેવા માટે પહોંચી રહ્યા છે. ગેસ એજન્સીઓના સંચાલકોએ કહ્યું છે કે, નિયમ મુજબ વિતરણ કરવામાં આવી રહ્યું છે. સાથે જ કોઈ પણ પ્રકારની LPG બોટલની હાલ અછત નથી. આ સાથે જ અરવલ્લી જિલ્લાના વિવિધ તાલુકા કેન્દ્રો ખાતે આવેલા ગેસ એજન્સીની મામલતદાર કક્ષાના અધિકારીઓ દ્વારા મુલાકાતો પણ કરવામાં આવી રહી છે.

## GOLF CHAMPIONSHIP

અમદાવાદમાં રમાઈ રહેલી ઈન્ડોરામા વેન્ચર્સ ઓપન 2026ના બીજા દિવસે  ભારતીય ગોલ્ફર બૃજેશ કુમાર અને અમેરિકાના ઝેરેડ હેક સંયુક્ત રીતે સરસાઈ મેળવી છે.

બૃજેશ કુમારે ત્રણ અંડર 69 અને  ઝેરેડ હેકે બે અંડર 70નો સ્કોર કર્યો. આ સાથે બંને કુલ સાત અંડર 137 સ્કોર સાથે આગળ રહ્યા.  બૃજેશે પાંચ બર્ડી અને બે બોગી સાથે પોતાનું સ્થાન સુધારીને ત્રીજા સ્થાન પરથી પ્રથમ બે ક્રમે, જ્યારે અમેરિકન ગોલ્ફર ઝેરેડ હેક ચાર બર્ડી અને બે બોગી સાથે બીજા સ્થાનથી પ્રથમ ક્રમે પહોંચ્યા.ધ્રુવ શેરણે સતત બીજી વાર 69નો સ્કોર કરી કુલ છ અંડર 138 સાથે

ત્રીજા સ્થાન પર રહ્યા હતાં. જ્યારે ભારતના સપ્તક તલવાર, ફ્રાન્સના ક્લેમેન્ટ સોર્ડેટ અને પિયર પિનેઉ તથા ઓસ્ટ્રિયાના ક્રિસ્ટોફ્ બ્લાયર પાંચ અંડર 139 સાથે સંયુક્ત ચોથા સ્થાને રહ્યા.

FISHARI DIPARTMENT

રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિભાગો દ્વારા અંદાજપત્રમાં કરવામાં આવેલી જોગવાઈની માહિતી આજની પત્રકાર પરિષદમાં આપવામાં આવી હતી..પત્રકાર પરિષદમાં મત્સ્ય વિભાગની માહિતી આપતા અધિક મુખ્ય સચિવ આર સી મીણાએ કહ્યુ હતું કે, મત્સ્ય વિભાગના ઉત્કર્ષ માટેની માછીમારોની કલ્યાણ યોજનાઓનો સમાવેશ અંદાજ પત્રમાં કરાયો છે.